# માન્ચેસ્ટર મૂવમાં ફેરફારો આવી રહ્યા છે

માન્ચેસ્ટર મૂવ સિસ્ટમની શરૂઆત વર્ષ 2011માં થઈ હતી. ત્યારથી લોકોને થોડા સામાજિક આવાસો ભાડે આપવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યાં છે. વળી, ઘરવિહોણા લોકોની સંખ્યામાં મોટો વધારો થતાં વધુમાં વધુ લોકો માન્ચેસ્ટર મૂવમાં સામાજિક આવાસ મેળવવાની આશાએ જોડાયા છે.

કાઉન્સિલ અને માન્ચેસ્ટર મૂવ તેના નિયમો બદલી રહ્યાં છે, જેથી વધુને વધુ લોકો સામાજિક આવાસ મેળવી શકે.

આ નવા નિયમો ૩ નવેમ્બર, 2020થી લાગુ પડશે.

આ નવી યોજનાના નિયમો સૌને લાગુ પડશે.

જે લોકોએ માન્ચેસ્ટર મૂવમાં અરજી કરી હશે તેમણે ફરીથી નવી અરજી કરવાની જરૂર રહેશે **નહીં**.

કેટલાક લોકો પાસેથી વધારાની માહિતી માંગવામાં આવી શકે છે, જેથી તેમની અરજીને સર્વોચ્ચ (સૌથી વધુ) પ્રાથમિકતા આપી શકાય.

અરજીઓને અપ ટુ ડેટ (વર્તમાન) રાખવી ખૂબ જ જરૂરી છે અને અમે ભલામણ કરીએ છીએ કે સૌ કોઈ પોતાની માહિતી સચોટ અને અપ ટુ ડેટ હોય તેની ખાતરી કરી લે.

કાઉન્સિલ અને તેના સહયોગીઓ નવા આવાસોનું નિર્માણ કરી રહ્યાં છે પરંતુ આ નિર્માણકાર્યને પૂરું થતાં સમય લાગશે, આથી લોકો પોતાની આવાસની પસંદગીઓ અંગે સચોટ-ચોક્કસ હોય તે મહત્વનું છે.

માન્ચેસ્ટર મૂવની વેબસાઇટ પર બોલી લગાવવા, અને આવાસના અન્ય વિકલ્પો અંગે સારા સલાહસૂચનો આપવામાં આવ્યાં છે.

**આપને જો માન્ચેસ્ટર મૂવની અરજી અંગે કોઈ સંદેશો-મેસેજ મળે, તો કૃપા કરીને આપની અરજી સાથે વ્યવહાર કરનાર હાઉસિંગ પ્રોવાઇડરનો સંપર્ક કરો. તેની વિગતો, અરજી કરતી વખતે આપને પ્રાપ્ત થયેલા "માન્ચેસ્ટર મૂવમાં આપનું સ્વાગત છે" પત્રમાં છે.**